# મેળા અને ઉત્સવોમાં સરકારી તંત્ર હંમેશા વ્યસ્ત


(ફોટો : દિપક ઠક્કર)

## ગરીબોનું કલ્યાણ કરવાના નામે છાશવારે યોજાતા આવા મેળાઓ રોજીંદા કામમાં રૂકાવટ ઉભી થતી હોય લોકોમાં રોષ જોવા મળી રહ્યો છે

ભાવનગર, ગુરૂવાર

ગરીબોનું કલ્યાણ અને મહોત્સવમાં સતત વ્યસ્ત રહેતું સરકીર તંત્ર આમ જનતાના પ્રશ્નને અવગણી રહ્યું હોય લોકોમાં રોષ જોવા મળ્યો છે.

રાજય અને કેન્દ્ર સરકારની યોજનાને સાંકળી લઈને ગરીબોને મહત્તમ લાભ મળે તે માટે રાજય સરકાર દ્વારા ગરીબ કલ્યાણ મેળા યોજવામાં આવી રહ્યા છે. બીજી તરફ ઉત્સવો યોજીને વિકાસના ધ્યેયને સિદ્ધ કરવાનો પ્રયાસ કરવામાં આવી રહ્યો છે. રાજય સરકાર દ્વારા આ બાબતે હકારાત્મક રીતે મૂલવવામાં આવતી હશે, પરંતુ મેળા અને ઉત્સવોની તૈયારીમાં હંમેશા વ્યસ્ત રહેતા સરકારના વિવિધ વિભાગોમાં રોજીંદી કામગીરી ખોરવાઈ જતી હોય ત્યારે નાગરિકોમાં રોષ જોવા મળે તે સ્વાભાવિક છે.

ભાવનગરના આર.ટી.ઓ. વિભાગમાં જ આજે મેળા અને વન મહોત્સવને લઈને લાયસનસ રીન્યુ તેમજ નવા કાઢી આપવાની કામગીરી બંધ કરી દેવામાં આવતા અનેક અરજદારોએ નિરાશ વદને પરત ફરવું પડ્યું હતું, લાયસન્સ મેળવવા માટે ત્રણથી ચાર ધક્કા ખાધા પછી પણ આજે આ પ્રકારનો અનુભવ થતા અરજદારોમાં રોષ જોવા મળ્યો હતો. તંત્રએ કામગીરી બંધ રહેવા બાબતે એજન્ટોને પણ માહિતગાર કર્યા ન હોય એજન્ટોમાં પણ નારાજગી જોવા મળી હતી.

મેળા અને ઉત્સવમાં જે યોજનાઓ મૂકવામાં આવેલી છે તે વર્ષોથી અમલી બનેલી છે. આ યોજનાઓ એવી છે કે તેનો સીધો લાભ સરકારી દફતરેથી પણ આપી શકાય તેમ છે ત્યારે અર્થહીન મેળા અને ઉત્સવો યોજીને પ્રજાના રોજીંદા કાર્યોમાં પણ વિક્ષેપ ઉભો કરવો તે બાબત યોગ્ય ન હોવાનો મત ઉભો થયો છે. માત્ર ઉત્સવો અને દેખાડા કરીને શો-મેન શીપ કરનારા નેતાઓએ હવે પદ્ધતિમાં ફેરફાર કરીને તંત્રને પ્રજાભિમૂખ બનાવવું જોઈએ તેવી માંગણી

# વાહન અને મંદિર ચોરી કરતા બે તસ્કરો ઝડપાયા

## એસ.ઓ.જી.એ સિહોરના પાંચવાડના બંને શખ્સોને ઝડપી તમામ ચોરીનો મુદ્દામાલ જપ્ત કર્યો

ભાવનગર, ગુરૂવાર

સ્પેશ્યલ ઓપરેશન ગૃપની ટુકડીએ ચોરીના ગુન્હામાં સંડોવાયેલા બે તસ્કરની ધરપકડ કરી છે.

ભાવનગર પોલીસની સ્પેશ્યલ ઓપરેશન ગૃપની ટુકડીએ મંદિર અને વાહનની ચોરી કરતા બે તસ્કરોને ઝડપી લઈ તેમની પાસેથી ચોરીનો મુદ્દામાલ જપ્ત કર્યો છે. પોલીસ ઈન્સ્પેકટર ભરવાડ તથા સ્ટાફ દ્વારા સિહોર તાલુકાના પાંચવડા ગામમાં રહેતા પરેશ ઉર્ફે બુધો ગોકુળભાઈ કાંબડ તથા વિનોદ કાંબડ નામના બે શખ્સોની ચોરીના ગુન્હામાં ધરપકડ કરી મંદિર અને વાહન ચોરીનો ભેદ ઉકેલ્યો છે.

આ તસ્કરોએ કુલસર તથા પાલિતાણામાં મોટર સાયકલ ચોરી કરી હોવાની તેમજ સોનગઢમાં આવેલા રામદેવપીરના મંદિરમાં રાખેલી દાનપેટીમાંથી રૂા.૨૭ હજારની ચોરી તેમજ અનય બે ચોરી કરી હોવાની કબુલાત આપી છે. પોલીસે તસ્કરો પાસેથી મોબાઈલ, વાહન સહિતનો મુદ્દામાલ કબજે કરી આગળની તપાસ હાથ ધરી છે.

# ઈશ્વરિયાના મારૂ રાજપૂત સમાજના તેજસ્વી તારલાઓનો સન્માન સમારોહ યોજાશે

ભાવનગર, ગુરૂવાર

ભાવનગર જિલ્લાના સિહોર તાબેના ઈશ્વરિયા ગામના મારૂ સમાજના તેજસ્વી વિદ્યાર્થીઓનો સન્માન સમારોહ કાર્યક્રમ યોજવામાં આવશે.

મારૂ રાજપૂત વિકાસ સમિતિના ઉપક્રમે મારૂ રાજપૂત સમાજ જ્ઞાતિના ધોરણ ૫ થી ઉપર અભ્યાસ કરતા અને ૬૦ ટકાથી વધુ ગુણ મેળવનાર તેજસ્વી વિદ્યાર્થીઓનું સનમાન કરવામાં આવનાર છે. આ સમારોહ માટે વિદ્યાર્થીઓએ તેમના ગુણપત્રક સાથેની વિગતો તા. ૦૭-૦૮-૨૦૧૦ સુધીમાં સ્થાનિક આગેવાનને પહોંચાડવા તેમજ વધુ વિગત માટે જીવરાજભાઈ રાઠોડ - મોબાઈલ નં. ૯૪૨૭૫ ૫૯૬૪૮ ઉપર સંપર્ક કરવા જણાવાયું છે.



## એક નજર ઈધર ભી....

# એલ.આઈ.સી. ઝોનલની ટેબલ ટેનિસ ટુર્નામેન્ટ યોજાઈ

ભાવનગર, ગુરૂવાર

જીવન વિમા નિગમ દ્વારા ઝોનલ ટેબલ ટેનિસ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું છે.

ભારતિય જીવન જીવા નિગમ ભાવનગર વિભાગ દ્વારા ૪૪ મી વેસ્ટર્ન ઝોનલ ટેબલ ટેનિસ ટુર્નામેન્ટનું આયોજન દિપક મેમોરીયલ હોલમાં કરવામાં આવ્યું છે.

બે દિવસ ચાલનારી આ ટુર્નામેન્ટના ઉદ્ઘાટન પ્રસંગે નિગમના પશ્ચિમ વિભાગના રિઝિયોનલ મેનેજર જ્યોતિ અગ્રે, ટેબલ ટેનિસ ફેડરેશન ઓફ ઈન્ડિયાના એસોસિએટ વાઈસ પ્રેસિડેન્ટ નિશિતભાઈ મહેતા ખાસ ઉપસ્થિત રહ્યા હતાં.

એલ.આઈ.સી. વેસ્ટ ઝોનના ૪૭ કર્મચારીઓએ આ ટુર્નામેન્ટમાં ભાગ લીધો છે. બે દિવસ ચાલનારી આ ટુર્નામેન્ટને નિહાળવા રસ ધરાવતા નગરજનોને ઉપસ્થિત રહેવા વિભાગીય વડા ચંદ્રિકાબેન જાદવ દ્વારા અનુરોધ કરવામાં આવ્યો છે.